# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited **Grade A** by NAAC*


નં.એસ.સી.એસ.ટી.સેલ/૬૩/'૧૮ તા.૧૩/૧૦/'૧૮

વિષય : ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓનો લાભ લેવા માટે

સંદર્ભ : ગુજરાત બિન અનામત અને શૈક્ષણિક આર્થિક વિકાસ નિગમ, રાજકોટના તા.૧૪/૦૯/૨૦૧૮ ના પત્ર ક્ર.ના.ગુ.બી.શૈ.આ.વિ.નિ.જી.મે/૨૦૧૮-૧૯/૦૩

પરિપત્ર :

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર પરત્વે જણાવવામાં આવે છે કે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે નિગમ દ્વારા લોન/સહાય યોજનાનો લાભ લેવા માટે તમામ કોલેજોમાં તથા યુનિવર્સિટીના બોર્ડ/બેનર/હોર્ડિંગ દ્વારા આ યોજનાનો બહોળા પ્રમાણમાં પ્રચાર કરવામાં આવે. વધારેમાં જણાવવાનું કે, આ યોજનાઓની વિસ્તૃત વિગતો તેમજ યોજનાના ફોર્મ નિગમની વેબસાઈટ www.gueedc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. તો વિદ્યાર્થીઓના લાભાર્થે સદર પરિપત્ર અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

કુલસચિવ

બિડાણ :
સંદર્ભિત પત્ર

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ
(૩) માન્ય સંસ્થાઓનાં વડાઓ તરફ

નકલ સાદર રવાના :
માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારુ :
(૧) જોડાણ વિભાગ (૨) પી.જી. વિભાગ
(૩) આંકડા વિભાગ (૪) યુ.જી.સી. વિભાગ
(૫) કોમ્પ્યુટર સેન્ટર

ગુજરાત બિનઅનામત અને શૈક્ષણિક આર્થિક વિકાસ નિગમ-રાજકોટ
પહેલા માળે, બ્લોક નં.૧, જીલ્લા સેવા સદન – ૩, સરકારી પ્રેસ ની બાજુમાં,રાજકોટ.
ફોન(ફેક્સ) નંબર – ૦૨૮૧ – ૨૪૭૫૪૨૧ /૯૪૨૭૨૧૪૩૧૨

ના.ગુ.બી.શૈ.આ.વિ.નિ/જી.મે/૨૦૧૮ – ૧૯/૦૩ તા.૨૭/૦૯/૨૦૧૮

SC-ST Cell
Inward No. ૨૮૮
Date : ૧૮/૦૯/૧૮
18 SEP 2018
Sau. Uni. Rajkot

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ
સામાન્ય વિભાગ
17 SEP 2018
ઈનવર્ડ નંબર 2352
વિભાગ

પ્રતિ,
રજીસ્ટ્રાર સાહેબશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,
સૌરષ્ટ્ર યુનિવર્સીટી કેમ્પસ,
રાજકોટ

વિષય :- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓની તમામ કોલેજોમાં પ્રસિધ્ધ કરવા અંગે.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ઠરાવ ક્રમાંક:ઈબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧, તા.૧૫/૦૮/૨૦૧૮થી બિનઅનામત વર્ગો/જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે નિગમ દ્રારા યોજના બનાવી તેનો અમલ કરેલ છે. ઠરાવ ક્રમાંક:/સશપ/૧૨૨૦૧૮/૫૦૮૫૮૨/અ. તા.૩૦/૦૮/૨૦૧૮થી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કામગીરી માટે મેનેજરશ્રી તરીકે અત્રેની કચેરીની નિયુક્તિ કરવામાં આવેલ છે. જેથી બિનઅનામત વર્ગો/જાતિઓને બહોળા પ્રમાણમાં લાભ મળે તેવા ઉમદા હેતુથી આપની કક્ષાએ થી તમામ કોલેજોમાં તથા આપના નોટીસ બોર્ડ/બેનર/હોડીંગ દ્રારા યોજનાઓનો બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર થાય તેવી વિનંતી છે.

(ડી.એન.આરદેશણા)
જીલ્લા મેનેજર
ગુજ.બિન.અને.શૈક્ષ.આર્થિક.વિ.નિ.
રાજકોટ

બિડાણ :- જાહેરાત ની નકલ

બિડાણ :-

(૧) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્રારા યોજનાઓને મંજુરી આપવા બાબત નો ઠરાવ.

(૨) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્રારા યોજનાઓના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કામગીરી માટે મેનેજરશ્રીની નિયુક્તિ કરવા બાબત નો ઠરાવ.

SC-ST Cell

17/9/2018

5-10-2018

E:\બિનઅનામત અને આર્થિક વિકાસ નિગમ\latter head..docx

-:: જાહેરાત ::-

# ગુજારાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ - રાજકોટ,

જીલ્લા સેવા સદન-૩, બ્લોક નં.૧, પહેલા માળે,સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ.

ગુજરાત રાજ્યના બિન અનામત વર્ગના લાભાર્થીઓ માટે અગત્યની જાહેરાત

ગુજરાત રાજ્યના વતની હોય તેવા બિન અનામત વર્ગના લાભાર્થીઓ માટે નીચે પ્રમાણેની લોન/સહાયની યોજનાઓનો અમલ રાજ્ય સરકારે તા.૦૧/૦૪/૨૦૧૮ની અસરથી કરવાનું નક્કી કરેલ છે.

(૧) શૈક્ષણિક અભ્યાસ યોજના, (૨) વિદેશ અભ્યાસ લોન, (૩) ભોજન બિલ સહાય, (૪) ટ્યુશન સહાય, (૫) JEE, GUJ-CET, NEET પરિક્ષા માટે કોચિંગ સહાય, (૬) સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલિમ સહાય, (૭) સ્વરોજગારલક્ષી યોજના લોન/સહાય.

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલમાં મુકવાની આ યોજનાઓની વિસ્તુર્ત વિગતો તેમજ યોજનાના ફોર્મ નિગમની વેબસાઈટ www.gueedc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.www.gueedc.gujarat.gov.in પર જઈ Scheme/Download Form ઓપન કરવાથી ઉમેદવાર જુદી-જુદી યોજનાઓ જોઈ શકશે તેમજ જે યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા હોય તેની પર ક્લિક કરવાથી તે યોજનાનું ફોર્મ ડાઉનલોડ કરી શકાશે. જે ફોર્મ પ્રિન્ટ મેળવી તે સંપુર્ણ પણે ભરેલ ફોર્મ જરૂરી દસ્તાવેજો સહિત ઉપર જણાવેલ સરનામે જિલ્લા કચેરી એ રજુ કરવના રહેશે. વધુ માહિતી માટે કચેરીનો ફોન નં.(૦૨૮૧)૨૪૭૫૪૨૧ તથા ૯૪૨૭૨૧૪૩૧૨ માં સંર્પક કરવો.

(ડી.એન.આરદેશણા)
જીલ્લા મેનેજર
ગુજ.બિન.અને.શૈક્ષ.આર્થિક.વિ.નિ.
રાજકોટ

ગુજરાત બિન અનામત શૈક્ષણિક
અને આર્થિક વિકાસ નિગમની
યોજનાઓને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૮/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકરીતા વિભાગનો તા.30/0૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૨૨૦૧૭-૫૬૮૪૫૧-અ

(૨) સામાજિક ન્યાય અને અધિકરીતા વિભાગનો તા.30/0૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૨૨૦૧૮-૨૧૮૯૨૭-અ

(3) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૧૯/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક:મકમ/૧૦/૨૦૧૮/૫૨/બિની

આ મુ ખ :

ગુજરાત સરકારે વંચાણે લીધેલા ક્રમાંક: (૧) સામેના તા.30/0૯/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરેલ છે. નિગમના વિવિધ ઉદ્દેશોમાં બિન અનામત વર્ગો/જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે નિગમે યોજનાઓ બનાવી તેનો અમલ કરવાનો રહે છે. વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના તા.30/0૫/૨૦૧૮ના ઠરાવથી આ નિગમની યોજનાઓના લાભ મેળવવા માટે લાભાર્થીઓને બિન અનામત વર્ગો માટેના પ્રમાણપત્ર આપવા ઠરાવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક: (3) સામેના તા.૧૯/૦૫/૨૦૧૮ના પત્રથી મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમે બિન અનામત જાતિઓ/વર્ગોના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે

ધિરાણ/વ્યાજ સહાય વગેરે માટે વિવિધ યોજનાઓ તૈયાર કરીને સરકારની મંજૂરી માટે દરખાસ્ત કરી હતી, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે:

(૧) આ ઠરાવ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલી યોજનાઓ અને જે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની શૈક્ષણિક અને આર્થિક યોજનાઓમાં દર્શાવેલ સહાયના ધોરણો, આવકના માપદંડો, લાભાર્થીના લાયકાતના માપદંડો, વ્યાજના દરો, વસુલાતની પદ્ધતિ વગેરે બાબતોને આથી સરકારની મંજૂરી આપવામાં આવે છે.

(૨) આ ઠરાવની જોગવાઇઓને આધીન યોજનાઓનો લાભ બિન અનામત જાતિઓ ને મળવાપાત્ર થશે. અરજદાર/વિદ્યાર્થી/લાભાર્થી બિન અનામત જાતિઓ પૈકીનો છે તે અંગેનું પ્રમાણપત્ર વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના તા.૩૦/૦૫/૨૦૧૮ના ઠરાવથી નિર્ધારિત સક્ષમ અધિકારીઓ પાસેથી નિયત નમૂનામાં મેળવીને રજૂ કરવાનું રહેશે.

(૩) વિધવા અને અનાથ લાભાર્થી અરજદારને અગ્રીમતા આપવાની રહેશે.

(૪) આ ઠરાવથી નક્કી કરાયેલ યોજનાઓ પૈકી કોઇપણ એક યોજનાનો લાભ મેળવતો હશે તેવા લાભાર્થીને તે દરમ્યાન અન્ય એ જ પ્રકારની સરકારી યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી અને અગર જે યોજનાનો લાભ લેવા માંગે છે તે કોઇપણ અન્ય વિભાગ/ખાતાની કચેરીમાંથી મેળવતો હશે તો આ ઠરાવની તેવી યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૫) આ ઠરાવથી નક્કી કરાયેલ યોજનાઓનો લાભ માત્ર ગુજરાતમાં ૧૫ વર્ષથી સ્થાયી થયેલા હોય તેવા ગુજરાતના બિન અનામત જાતિઓ ના લાભાર્થીઓને જ મળવાપાત્ર થશે.

(૬) શૈક્ષણિક હેતુ માટેની લોન માટે ગુજરાતમાં ઓછામાં ઓછા દશ વર્ષ અભ્યાસ કરેલ હોય તેવા બિન અનામત વર્ગને યોજનાઓનો લાભ મળવાપાત્ર થશે.

(૭) આ યોજનાઓનો અમલ તા.૦૧/૦૪/૨૦૧૮ ના ચાલુ શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

(૮) કોઇ લાભાર્થીના એક લોનના હપ્તા પુરા ભરપાઇ ન થાય ત્યાં સુધી તેને બીજી કોઇ પણ લોન મળવાપાત્ર થશે નહી. સહાય નિયમાનુસાર મળવાપાત્ર રહેશે.

(૯) આ ઠરાવમાં ઉલ્લેખ કર્યા સિવાયના અન્ય અભ્યાસક્રમો કે સ્વરોજગાર માટે જરૂરીયાત પ્રમાણે નિગમ સરકારની મંજૂરી મેળવી લોન/સહાય મંજૂર કરી શકશે.

(૧૦) આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૬/૦૬/૨૦૧૮ અને સરકારશ્રીની તા.૧૩/૦૮/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

બિડાણ: ઉપર મુજબ

પ્રતિ,

- નિયામકશ્રી,
  વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,
  ડૉ.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી,
  ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ,
  કર્મયોગી ભવન,
  ગાંધીનગર

નકલ રવાના(બિડાણસહિત) :

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર*

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફતે)
- સેક્શન અધિકારીશ્રી(અ અને બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ

*પત્ર દ્વારા

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૦૮/૨૦૧૮ના

## ઠરાવ ક્રમાંક: ઇબીસી-૧૦૨૦૧૮-૮૧૪-અ.૧ સાથેનું પરિશિષ્ટ

### (૧) યોજનાનું નામ : શૈક્ષણિક અભ્યાસ યોજના

યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:

રાજ્યમાં ચાલતા મેડીકલ, ડેન્ટલના સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો વ્યવસાયિક અભ્યાસક્રમો, ઇજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેકચર, આર્યુવેદિક, હોમીયોપેથી, ફિઝીયોથેરાપી, વેટરનરી વગેરે સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, નર્સિંગ(સ્નાતક કક્ષા)નાં વગેરે અભ્યાસક્રમો માટે (હાયર એજ્યુકેશન જેવા કે બીબીએ, બીકોમ, બીએસસી, બીએ વિગેરે સિવાય) સમગ્ર અભ્યાસક્રમની કુલ ટ્યુશન ફી અથવા રૂા.૧૦.૦૦ લાખ તે બે પૈકી જે ઓછું હોય તે પ્રમાણેની લોન ૪ ટકાના સાદા વ્યાજે નિગમ તરફથી આપવામાં આવશે.

લાયકાતના ધોરણો: ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ.

વ્યાજનો દર : વાર્ષિક ૪ ટકા લેખે સાદુ વ્યાજ

આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૩.૦૦ લાખ કે તેથી ઓછી.

- અરજદાર બિન અનામત વર્ગના હોવા જોઇએ.

શૈક્ષણિક યોજનાઓ માટેનાં પાત્રતા અને ધિરાણના માપદંડ

- ગુજરાત રાજયની કોઇપણ શાળામાંથી ધોરણ-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ સાથે પાસ કરેલ હોવું જોઇએ.
- જે તે અભ્યાસક્રમના સબંધિત કાઉન્સિલની માન્યતા પ્રાપ્ત હોઇ તેવા અભ્યાસક્રમ માટે લોન મળવાપાત્ર થશે.
- અરજદાર ગુજરાતના હોવા જોઇએ અને બિન અનામત વર્ગના હોવા જોઇએ.
- સંબધિત અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યા અંગેનો પુરાવો રજુ કરવાનો રહેશે.

- ધિરાણનો વ્યાજ દર વાર્ષિક ૪ ટકા સાદા વ્યાજ રહેશે. પ્રતિ વર્ષ જેટલુ ધિરાણ આપવામાં આવશે. તે મુજબ જ સાદુ વ્યાજ ગણવામાં આવશે.
- વિધવા અને અનાથ લાભાર્થી અરજદારને અગ્રીમતા આપવાની રહેશે.
- અભ્યાસ વચ્ચેથી છોડી દેનાર કે નિશ્ચિત સમયમર્યાદામાં ડીગ્રી ન મેળવી શકનારની લોન એક સાથે વસુલ કરવાને પાત્ર થશે તેમજ વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે નહી.
- રાજ્યની શૈક્ષણિક યોજનાઓ માટે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૩.૦૦ લાખ રહેશે.

લોન માટેનાં જામીન / દસ્તાવેજ:

- સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂા.૭.૫૦ લાખ કે તેથી ઓછી હોય તો તેમણે કોઇ કોઇ મિલ્કત ગીરો(મોર્ગેજ) કરવાની રહેશે નહીં. ફક્ત બે સધ્ધર જામીનનું જામીન ખત રજૂ કરવાનું રહેશે.
- સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂા.૭.૫૦ લાખ કરતાં વધારે હોય તો તે કુલ રકમ જેટલી રકમની પોતાની અથવા અન્ય કોઇ સગા સબંધીની સ્થાવર મિલ્કત નિગમની તરફેણમાં ગીરો કરવાની રહેશે.
- દરેક લોન લેનારે નિગમની તરફેણમાં સહી કરેલા પાંચ બ્લેન્ક(BLANK) ચેક આપવાના રહેશે.

લોનની પરત ચુકવણી:

- રૂા.૫.૦૦ લાખ સુધીની કુલ લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૦૧ વર્ષ બાદ ૦૫ (પાંચ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોનની રકમ વ્યાજ સાથે ભરવાની રહેશે.
- રૂા.૫.૦૦ લાખથી વધુની લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૦૧ વર્ષ બાદ ૦૬(છ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોનની રકમ વ્યાજ સાથે ભરવાની રહેશે.
- ભરપાઇ થતી લોનના નાણાં પ્રથમ વ્યાજ પેટે જમા લેવામાં આવશે.
- લોન લેનાર નિશ્ચિત સમય મર્યાદા પહેલા પણ લોનની પરત ચુકવણી કરી શકશે.

## (૨) યોજનાનું નામ : વિદેશ અભ્યાસ લોન

યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:

ધોરણ-૧૨ પછી ફકત M.B.B.S માટે, ડિપ્લોમા પછી ડીગ્રી માટે, સ્નાતક પછી અનુસ્નાતક માટે, અને રિસર્ચ જેવા ટેકનિકલ, પેરામેડીકલ, પ્રોફેશનલ વગેરે જેવા કોઇપણ પ્રકારના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે કુલ રૂ.૧૫.૦૦ લાખની વિદેશ અભ્યાસ લોન આપવામાં આવશે.

લાયકાતના ધોરણો: ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ.

વ્યાજનો દર : વાર્ષિક ૪ ટકા લેખે સાદુ વ્યાજ.

આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૪.૫૦ લાખ કે તેથી ઓછી.

લોન માટેનાં જામીન / દસ્તાવેજ:

- સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂા..૭.૫૦ લાખ કે તેથી ઓછી હોય તો તેટલી રકમ ભરી શકે તેવા બે સધ્ધર જામીનનું જામીન ખત રજૂ કરવાનું રહેશે.
- સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂા..૭.૫૦ લાખ કરતા વધતી હોય તો તે કુલ રકમ જેટલી રકમની પોતાની અથવા અન્ય કોઇ સગા સબંધીની સ્થાવર મિલ્કત નિગમની તરફેણમાં ગીરો કરવાની રહેશે.
- દરેક લોન લેનારે નિગમની તરફેણમાં સહી કરેલા પાંચ બ્લેન્ક ચેક આપવાના રહેશે.

લોનની પરત ચુકવણી:

- રૂા.૫.૦૦ લાખ સુધીની કુલ લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૧ વર્ષ બાદ ૫ (પાંચ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં વસુલાત કરવામાં આવશે.
- રૂા.૫.૦૦ લાખથી વધુની લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૧ વર્ષ બાદ ૬(છ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં વસુલાત કરવામાં આવશે.
- ભરપાઇ થતી લોનના નાણાં પ્રથમ વ્યાજ પેટે જમા લેવાનાં રહેશે.
- લોન લેનાર નિશ્ચિત સમય મર્યાદા પહેલા પણ લોનની પરત ચુકવણી કરી શકશે.

## (3) યોજનાનું નામ : ભોજન બીલ સહાય

યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના મેડીકલ, ડેન્ટલ, ટેકનીકલ, પેરા મેડીકલ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં અને સરકારી / અનુદાનિત સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ૧૦ માસ માટે માસિક રૂા.૧૨૦૦/- લેખે ભોજન બીલ સહાય મળવાપાત્ર થશે.

આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.3.00 લાખ કે તેથી ઓછી.

## (૪) યોજનાનું નામ : ટયુશન સહાય

યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ-૧૦માં ૭૦ ટકા હોય તેવા ધોરણ-૧૧, ૧૨માં વિજ્ઞાનપ્રવાહમાં હોય તેવા વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ વાર્ષિક રૂા.૧૫,૦૦૦/- ટયુશન પ્રોત્સાહક સહાય આપવામાં આવશે.

બિન અનામત વર્ગનાં નિયત લાયકાત ધરાવાતા કોઈપણ સમાજ દ્વારા ચલાવાતા ટયુશન ક્લાસને વિદ્યાર્થી દીઠ ઉપર મુજબની સહાય મળવાપાત્ર થશે.

લાયકાતના ધોરણો: ધો-૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ.

- દરેક વર્ષમાં એક જ વાર સહાય મળવાપાત્ર થશે.

આવક મર્યાદા: કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.3.00 લાખ કે તેથી ઓછી.

## (૫) યોજનાનું નામ: જી(JEE),ગુજકેટ(GUJCET), નીટ(NEET) પરીક્ષા માટે કોચીંગ સહાય.

યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી મેડીકલ, એન્જીનીયરીંગમાં પ્રવેશ ની જરૂરી પરીક્ષાઓ

જેવી કે જી(JEE), ગુજકેટ, નીટ માટે તૈયારી માટે કોચિંગ માટે ધોરણ-૧૦માં ૭૦ ટકા હોય તેવા વિદ્યાર્થીઓ માટે ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સંસ્થાઓમાં કોચીંગ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ફી એ બે પૈકી જે ઓછું હોય તે કોચિંગ સહાય આપવામાં આવશે.

લાયકાતના ધોરણો: ધો-૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ.

આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૩.૦૦ લાખ કે તેથી ઓછી.

## (૬) યોજનાનું નામ : સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય

યોજનાનું સ્વરૂપ/સહાયના ધોરણો:

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી. (U.P.S.C), જી.પી.એસ.સી. (G.P.S.C.) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩, બેંક, યુ.પી.એસ.સી., ગૌણ સેવા પસંદગી મંડળ, તથા અન્ય માન્ય મંડળો/ભરતી કરતી સંસ્થાઓ દ્વારા વિગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સંસ્થાઓ પસંદ કરી, પસંદ થયેલી સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે, જેમાં પસંદ થયેલ સંસ્થાને વિદ્યાર્થી દીઠ રૂા.૨૦,૦૦૦ અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે માંથી જે ઓછુ હોય તે સહાય તરીકે મળવાપાત્ર થશે

લાયકાતના ધોરણો: ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ.

આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૩.૦૦ લાખ કે તેથી ઓછી.

## (૭) યોજનાનું નામ : સ્વરોજગારલક્ષી યોજનાઓ.

યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:

૧. રીક્ષા, લોડીંગ રીક્ષા, મારૂતી ઇકો, જીપ-ટેક્ષી વગેરે સ્વરોજગારલક્ષી વાહનો માટે ઓનરોડ યુનિટ કોસ્ટ.

૨. વ્યવસાય જેવા કે કરીયાણાની દુકાન, મેડીકલ સ્ટોર, રેડીમેડ ગારમેન્ટ સ્ટોર, બુક સ્ટોર વગેરે કોઇપણ સ્વરોજગારલક્ષી વ્યવસાય માટે રૂ.૧૦.૦૦ લાખ સુધી અથવા ખરેખર થનાર ખર્ચ એ બે પૈકી જે ઓછું હોય તે લોન પેટે નિગમ તરફથી આપવામાં આવશે

- ઉપરોકત ક્રમ ૧ અને ૨ની યોજના માટે લોન વાર્ષિક ૫ ટકાના સાદા વ્યાજે મળવાપાત્ર થશે. મહિલાઓ માટે ૪ ટકાના સાદા વ્યાજે લોન મળવાપાત્ર થશે

૩. ટ્રાન્સપોર્ટ, લોજીસ્ટીક, ટ્રાવેલર્સ, ફુડ કોર્ટ વગેરે વ્યવસાય માટે વાહન જરૂરી સ્ટ્રકચર સહિત મેળવવા માટે બેંકમાંથી રૂ.૬.૦૦ લાખની લીધેલ લોન ઉપર ૫ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

<u>સ્વરોજગારલક્ષી યોજનાઓ માટેના ધિરાણના માપદંડ :</u>

- વાહન માટેની લોનની યોજનામાં અરજદાર પાસે પાકું લાયસન્સ હોવું જોઇશે તથા નાના વ્યવસાય માટે નિયમોનુસાર જરૂરી રજીસ્ટ્રેશન હોવું જોઈશે.
- મેળવેલ વાહન નિગમની તરફેણમાં ગીરો (હાઇપોથીકેશન) કરવાનું રહેશે.
- વાહન મેળવ્યાના ત્રણ માસ પછી પાંચ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોન ભરવાની રહેશે.
- નાનો વ્યવસાય લોન મેળવ્યાના ત્રણ માસમાં શરૂ કરવાનો રહેશે તથા વ્યવસાય શરૂ કર્યા બાદ ત્રણ માસ પછી પાંચ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોનની વસુલાત કરવામાં આવશે.
- લોનની કુલ રકમ રૂા.૭.૫૦ લાખ કે તેથી ઓછી હોય તો તેટલી રકમ ભરી શકે તેવા બે સધ્ધર જામીનનું જામીન ખત રજૂ કરવાનું રહેશે.
- લોનની કુલ રકમ રૂા.૭.૫૦ લાખ કરતા વધતી હોય તો તે કુલ રકમ જેટલી રકમની પોતાની અથવા અન્ય કોઇ સગા સબંધીની સ્થાવર મિલ્કત નિગમની તરફેણમાં ગીરો કરવાની રહેશે.
- દરેક લોન લેનારે નિગમની તરફેણમાં સહી કરેલા પાંચ બ્લેન્ક ચેક આપવાના રહેશે.

સ્વરોજગારલક્ષી તમામ યોજનામાં નીચે મુજબની પાત્રતા પણ રહેશે.

- અરજદાર ગુજરાતના વતની હોવા જોઇએ અને બિન અનામત વર્ગના હોવા જોઇએ.
- અરજદારની ઉંમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇશે.
- ધિરાણનો વ્યાજ દર વાર્ષિક ૫ ટકા સાદા વ્યાજ અને મહિલાઓ માટે ૪ ટકા રહેશે.

પ્રતિ વર્ષ જેટલું ધીરાણ આપવામાં આવશે તે મુજબ જ સાદુ વ્યાજ ગણવામાં આવશે.

વ્યાજનો દર : ક્રમ ૧ અને ૨ માટે વાર્ષિક ૫ ટકા લેખે સાદુ વ્યાજ અને મહિલાઓ માટે વાર્ષિક ૪ ટકા રહેશે.

આવક મર્યાદા: કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૩.00 લાખ કે તેથી ઓછી.

## (૮) યોજનાનું નામ : સ્નાતક તબીબ,વકીલ, ટેકનીકલ સ્નાતક માટે વ્યાજ સહાય.

યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:

તબીબ, વકીલ, ટેકનીકલ સ્નાતક થયેલ બિન અનામત વર્ગના લાભાર્થીઓ પોતાનું ક્લીનિક, લેબોરેટરી, રેડીયોલોજી ક્લીનીક કે ઓફિસ ખોલવા ઈચ્છે તો બેન્ક પાસેથી લીધેલ રૂા.૧૦.00 લાખ સુધીની લોન પર ૫ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

લાયકાતનાં ધોરણો:

૧. વ્યવસાય માટે નિયમોનુસાર જરૂરી રજીસ્ટ્રેશન હોવું જોઈશે.
૨. અરજદાર ગુજરાતના વતની હોવા જોઇશે. અને બિન અનામત વર્ગના હોવા જોઇએ.
3. અરજદારની ઉંમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇશે.
૪. બેન્ક પાસેથી લીધેલ લોનના પુરાવા રજૂ કરવાના રહેશે.

આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.3.00 લાખ કે તેથી ઓછી.

---------X-----------X-------------X-------------X-----------

ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કામગીરી માટે મેનેજરશ્રીની નિયુકતિ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૫૦૮૫૮૨/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૮/૨૦૧૮

30 AUG 2018

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ, તા.૩૦/૦૯/૨૦૧૭

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧ તા.૧૫/૦૮/૨૦૧૮

(૩) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૨૯/૦૮/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: મહેકમ/૨૦૧૭-૧૮/૧૩૭/બીની

## પ્રસ્તાવના

વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ વિભાગના તા.૩૦/૦૯/૨૦૧૭ ના ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ વિભાગના તા.૧૫/૦૮/૨૦૧૮ ના ઠરાવથી બિનઅનામત વર્ગો/જાતિઓ ના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે સરકારે યોજનાઓ જાહેર કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) માં દર્શાવેલ તા.૨૯/૦૮/૨૦૧૮ના પત્રથી મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા નિગમની યોજનાઓના અમલીકરણા માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કામગીરી માટે મેનેજર જાહેર કરવા વિનંતી કરેલ છે. નિગમની દરખાસ્ત અંગે સક્રીય વિચારણા કરી સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

## ઠરાવ

૧. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ હેઠળના નીચે જણાવેલ જિલ્લા ખાતેના મેનેજરને ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓના અમલીકરણા માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કામગીરી માટેના મેનેજર જાહેર કરવામાં આવે છે.

(૧) અમદાવાદ (૨) અમરેલી (૩) બનાસકાંઠા (૪) ભરૂચ (૫) ભાવનગર (૬) ગાંધીનગર (૭) જામનગર (૮) જૂનાગઢ (૯) કચ્છ (૧૦) ખેડા (૧૧) મહેસાણા (૧૨) પંચમહાલ (૧૩) રાજકોટ (૧૪) સાબરકાંઠા (૧૫)

સુરત (૧૬) સુરેન્દ્રનગર (૧૭) વડોદરા (૧૮) વલસાડ. આ અધિકારીઓની કચેરીના નામ/સરનામાં/ટેલિફોન નંબરની વિગતો પરિશિષ્ટ -૧ મુજબ છે.

૨. આ ઉપરાંત નીચે જણાવેલ ૧૫ જિલ્લા ખાતે નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળ ફરજ બજાવતા જિલ્લા નાયબ નિયામક(વિજાક)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિજાક)ઓને ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કામગીરી માટે હોદ્દાની રુએ (Ex-officio) મેનેજર તરીકે જાહેર કરવામાં આવે છે.

(૧) આણંદ (૨) છોટા ઉદેપુર (૩) દાહોદ (૪) મહીસાગર (૫) અરવલ્લી (૬) પાટણ (૭) બોટાદ (૮)દેવભૂમિ દ્વારકા (૯) ગીર સોમનાથ (૧૦) મોરબી (૧૧) પોરબંદર (૧૨) ડાંગ (૧૩) નર્મદા (૧૪)નવસારી (૧૫) તાપી આ અધિકારીઓની કચેરીના નામ/સરનામાં/ટેલિફોન નંબરની વિગતો પરિશિષ્ટ -૨ મુજબ છે.

ઉપર જાહેર કરેલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના મેનેજરશ્રીઓએ તેમજ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળના જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓએ તેમની વર્તમાન જવાબદારીઓ ઉપરાંત વધારાની જવાબદારી તરીકે સોંપેલી જવાબદારી નિભાવવાની રહેશે. આ હેતુ માટે તેમના તાબા હેઠળના સ્ટાફની પણ સહાય લેવાની રહેશે. બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ક્ષેત્રિય કામગીરી પૂરતુ તેઓએ નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રીના તાબામાં કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- સર્વે મેનેજરશ્રી (નિયામકશ્રી (વિ.જા.ક./અ.જા.ક.મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારી(કોમ્પ્યુટર સેલ), સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ.શ્રીની સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૮/૫૦૮૫૮૨/અ સાથેનુ

પરિશિષ્ટ-૧

| ક્રમ | અધિકારીનો હોદ્દો | જિલ્લાનું નામ | સરનામું | ટેલિફોન/ મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧. | જીલ્લા મેનેજરશ્રી | અમદાવાદ | કોર્પોરેશન,બ્લોક-એ,બીજો માળ,બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ | ૦૭૯-૨૫૫૦૮૮૩૭<br>૯૮૯૮૫૧૩૮૫૯ |
| ૨. | જીલ્લા મેનેજરશ્રી (ઇ.ચા.) | અમરેલી | બહુમાળી ભવન,બ્લોક-સી/૩,રૂમ નં.૩૧૦,અમરેલી. | ૦૨૭૯૨-૨૨૩૨૯૨<br>૯૪૨૬૪૩૭૭૬૪ |
| ૩. | જીલ્લા મેનેજરશ્રી | બનાસકાંઠા | ઢુંઢીયાવાડી,જજના બંગલા પાછળ,કોઝી સિનેમા, પાસે,પાલનપુર,જિ,બનાસકાંઠા. | ૦૨૭૪૨-૨૫૩૧૦૮<br>૯૪૨૬૦૨૯૯૯૨ |
| ૪. | જીલ્લા મેનેજરશ્રી | ભરૂચ | યુનિટ નં.૮,એ-૮ સુપર માર્કેટ,રૂમ નં.૪,સ્ટેશનરોડ, ભરૂચ. | ૦૨૬૪૨-૨૬૦૭૯૩<br>૯૯૨૪૮૪૬૦૫૭ |
| ૫. | જીલ્લા મેનેજરશ્રી (ઇ.ચા.) | ભાવનગર | બહુમાળી ભવન. એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે. ભાવનગર. | ૦૨૭૮-૨૫૧૦૪૭૪<br>૯૪૨૬૪૩૭૭૬૪ |
| ૬. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | ગાંધીનગર | સહયોગ સંકુલ,સી-બ્લોક,પહેલો માળ,સેક્ટર-૧૧, ૧૧,ગાધીંનગર. | ૦૭૯-૨૩૨૩૧૯૭૦<br>૯૪૨૬૩૪૧૮૭૩ |
| ૭. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | જામનગર | જિલ્લા સેવા સદન-૪ રૂમ નં.૩૨, જામનગર. | ૦૨૮૮-૨૫૭૨૦૬૦<br>૯૮૨૪૩૩૫૯૭૫ |
| ૮. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | જૂનાગઢ | કોટેચા કોમર્શીયલ સેન્ટર,જયશ્રી રોડ,જુનાગઢ. | ૦૨૮૫-૬૨૫૪૦૧<br>૯૮૭૯૭૯૮૩૯૮ |
| ૯. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | કચ્છ | ૧૨૨ બહુમાળી ભવન ,ભોયતળિયે, ભુજ-કચ્છ. | ૦૨૮૩૨-૨૨૩૦૧૩<br>૯૮૨૫૦૭૬૭૫૩ |
| ૧૦. | જીલ્લા મેનેજરશ્રી | ખેડા | બહુમાળી બિલ્ડિંગ,સી-બ્લોક,ત્રીજો માળ, સરદાર પટેલ ભવન,નડિયાદ,જિ.ખેડા. | ૦૨૬૮-૨૫૭૫૩૨<br>9427545257 |
| ૧૧. | જીલ્લા મેનેજરશ્રી | મહેસાણા | બહુમાળી ભવન,બ્લોક નં-૨ પહેલો માળ, રાજમહેલ રોડ,મહેસાણા. | ૦૨૬૭૨- ૨૨૧૯૬૩<br>૯૮૭૯૫૦૦૪૧૮ |
| ૧૨. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | પંચમહાલ | જિલ્લા સેવાસદન-૨,પ્રથમ માળ,પેનલ નં.૪૮થી૫૦, ક્લેક્ટર કચેરી કંમ્પાઉન્ડ માં ગોધરા,જી,પંચમહાલ.પી-૩૮૯૦૦૧. | ૦૨૬૭૨-૨૪૦૯૮૪<br>૯૦૯૯૩૩૮૫૮૨ |
| ૧૩. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | રાજકોટ | સીટીબસ સ્ટોપ સામે,બીજો માળ, રોયલ માર્કેટ ઉપર,ડો. યાજ્ઞિક રોડ,રાજકોટ. | ૦૨૮૧-૨૪૬૬૪૨૧<br>૯૪૨૭૨૧૪૩૧૨ |
| ૧૪. | જીલ્લા મેનેજરશ્રી | સાબરકાંઠા | બહુમાળી ભવન બ્લોક નં. એ/૩૦૭ ત્રીજોમાળ, હિંમતનગર. જિ,સાબરકાંઠા. | ૦૨૭૭૦-૨૪૯૧૪૮<br>૯૪૨૬૩૪૧૮૭૩ |
| ૧૫. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | સુરત | કોર્પોરેશન,બહુમાળી ભવન ,સી-બ્લોક, આઠમો માળ, નાનપુરા,સુરત. | ૦૨૬૧-૨૪૫૧૫૫૫<br>૯૯૧૩૭૭૪૩૦૫ |
| ૧૬. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | સુરેંદ્રનગર | બહુમાળી ભવન,એ-૨૦૧,ખેરાળી રોડ, રાજકોટ હાઈવે, મુ.રતનપર, પો.જોરાવરનગર, જિલ્લો.સુરેન્દ્રનગર. | ૦૨૭૫૨-૨૮૪૧૫૨<br>૯૫૫૮૭૦૦૬૭૯ |
| ૧૭. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | વડોદરા | નર્મદા ભુવન,બીજો માળ,સી-બ્લોક,જેલ રોડ, વડોદરા. | ૦૨૬૫-૨૪૨૬૦૯૬<br>૯૫૮૬૭૯૪૮૦૮ |
| ૧૮. | જીલ્લા મેનેજરશ્રી(ઇ.ચા.) | વલસાડ | જીલ્લા સેવા સદન -૨, ભોંયતળીયે, તિથળ રોડ, વલસાડ | ૯૯૨૪૭૧૧૬૬૪ |

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૮/૫૦૮૫૮૨/અ સાથેનુ

પરિશિષ્ટ-૨

| ક્રમ | અધિકારીનો હોદ્દો | જિલ્લાનું નામ | સરનામું | ટેલિફોન/ મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) આણંદ | આણંદ | બીજે માળ, જિલ્લા સેવાસદન, બોરસદ ચોકડી પાસે, આણંદ | (૦૨૬૯૨) ૨૬૪૪૧૩<br>૯૯૯૮૯ ૮૧૭૨૬ |
| ૨. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) છોટાઉદેપુર | છોટાઉદેપુર | જુનુ આદિવાસી અતિથિગૃહ, સીવીલ હોસ્પીટલની બાજુમાં,<br>તા. જી. છોટાઉદેપુર | (૦૨૬૬૯) ૨૩૩૨૦૫<br>૯૪૨૭૩ ૧૬૯૪૨ |
| ૩. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) દાહોદ | દાહોદ | રાઘવ હોસ્ટેલ, ભોયતળીયું,<br>પટેલ રીસોર્ટની પાછળ,<br>ગોદી રોડ, દાહોદ | (૦૨૬૭૩) ૨૬૫૯૩૪<br>૯૭૧૪૪૫૧૮૪૪ |
| ૪. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) મહીસાગર | મહીસાગર | જુની મામલતદાર કચેરી,<br>કોર્ટ કંપાઉન્ડ બસ સ્ટેશન પાસે,<br>મુ.પો.લુણાવાડા જિ.મહીસાગર | (૦૨૬૭૪) ૨૫૦૮૧૮<br>૯૪૨૬૩ ૭૦૨૯૯ |
| ૫. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) અરવલ્લી | અરવલ્લી | એ, બ્લોક- બીજો માળ,<br>એ/એસ/૦૭,૦૮<br>જિલ્લા સેવાસદન, મોડાસા, જિ.અરવલ્લી | (૦૨૭૭૪) ૨૫૦૧૯૧<br>૯૪૨૭૪૫૫૯૭૪ |
| ૬. | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) પાટણ | પાટણ | જિલ્લા મધ્યસ્થ કચેરી,<br>બ્લોક નં. ૨, પહેલે માળ, રાજમહેલ રોડ, પાટણ | (૦૨૭૬૬) ૨૨૫૧૬૭<br>૯૪૨૮૪૧૫૩૨૬ |
| ૭. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બોટાદ | બોટાદ | એ/૫,૨૧-૨૨ બીજો માળ, જિલ્લા સેવા સદન, ખસ રોડ,<br>મુ.બોટાદ જિ. બોટાદ | (૦૨૮૪૯) ૨૭૧૩૯૧<br>૯૯૨૫૨ ૫૯૦૫૬ |
| ૮. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) દેવભૂમિ-દ્વારકા | દેવભૂમિ-દ્વારકા | વાઢેર કરશનજીનું મકાન, શેરી નં. ૨, નવાપરા,<br>મુ.ખંભાળીયા, જિ. દેવભૂમિ-દ્વારકા | (૦૨૮૩૩) ૨૩૨૨૧૫<br>મો. ૯૯૦૯૦ ૩૪૪૫૪ |
| ૯. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) ગીર-સોમનાથ | ગીર-સોમનાથ | ભાવના-૨ સોસાયટી,<br>૮૦ ફુટ રોડ, વેરાવળ,<br>જિ.ગીર-સોમનાથ | (૦૨૮૭૬) ૨૪૦૦૪૪<br>૯૮૨૫૩ ૩૩૬૯૩ |
| ૧૦. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) મોરબી | મોરબી | ૪/૮, જિલ્લા સેવાસદન<br>ગ્રાઉન્ડ ફ્લોર<br>(સો.ઓરડી વિસ્તાર) મોરબી | (૦૨૮૨૨) ૨૪૨૩૮૯<br>૯૪૨૬૭ ૩૧૭૬૯ |
| ૧૧. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) પોરબંદર | પોરબંદર | જિલ્લા સેવાસદન-૨,<br>સાંદીપની આશ્રમરોડ, પોરબંદર | (૦૨૮૬) ૨૨૨૨૮૬૭<br>૭૫૬૭૧ ૭૫૧૯૭ |
| ૧૨. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) વલસાડ | ડાંગ | બીજો માળ, સભા ખંડ સામે, જિલ્લા સેવાસદન-૨,<br>જલારામ મંદિર સામે, તીથલ રોડ, વલસાડ | (૦૨૬૩૨) ૨૫૩૧૧૧<br>૯૪૨૮૮૧૨૩૯૩ |
| ૧૩. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) નર્મદા | નર્મદા | રૂમ નં. ૨૧, ભોંયતળીયું,<br>સેન્ટ્રલ બીલ્ડીંગ,રાજપીપળા, જિ.નર્મદા | (૦૨૬૪૦) ૨૨૪૩૦૮<br>૯૪૨૭૩ ૧૬૯૪૨ |
| ૧૪. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) નવસારી | નવસારી | એ.બ્લોક, ત્રીજો માળ<br>જિલ્લા સેવા સદન જુના થાણા જુની કલેકટર કચેરી,<br>નવસારી જિ.નવસારી | (૦૨૬૩૭) ૨૫૦૨૪૧<br>૯૯૨૫૦ ૯૭૧૫૮ |
| ૧૫. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) તાપી | તાપી | બ્લોક, ૪ પહેલે માળ,<br>જિલ્લા સેવાસદન,<br>પાનવાડી, વ્યારા જિ. તાપી | (૦૨૬૨૬) ૨૨૦૩૨૪<br>૯૪૨૭૦ ૦૪૫૬૯ |